## –:: રે.મુ. નં.૧૭/૧૭ ના કામે આંક–૦૫ લગત હુકમ ::–

(૧) વાદીની આંક–૫ ની મનાઈ અરજી વંચાણે લીધી, વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા, વાદી ઘ્વારા તેઓની આંક–૫ ના સંબધમા વાદી તરફે આંક–૨૬ થી રજુ થયેલ લેખિત દલીલો ઘ્યાને લીધી તથા પ્રતિવાદી ઘ્વારા વાદીની આંક–૫ ની મનાઈ અરજીનો જવાબો આંક–૨૧ અને આંક–૨૨ થી રજુ કરેલ છે જે વંચાણે લીધા. તેમજ પ્રતિવાદી તરફે રજુ થયેલ લેખિત દલીલો આંક–૨૭ અને ૨૮ ની ઘ્યાને લીધી.

(૨) વાદીએ હાલનો દાવો જમીનની સરસ–નરસ વહેંચણી કરાવી લેવા બાબત તથા હકક સ્થાપન તથા કાયમી તાકીદ મેળવવા અંગેનો પ્રતિવાદી વિરૂઘ્ધ દાખલ કરેલ છે અને દાવા સાથે હાલની આંક–૫ ની અરજી સીવીલ પ્રોસીઝર કોડની કલમ ૧૫૧, ઓર્ડર ૩૯, રૂલ્સ ૧, ૨ અન્વયે વચગાળાનો કામચલાઉ મનાઈહુકમ મેળવા અંગે કરેલ છે અને સદરહું અરજીમા વાદી ઘ્વારા એવી દાદની માંગણી કરેલ છે કે, વાદીએ દાવા–અરજીમા જણાવેલ દાવાવાળી મિલ્કતમા આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના ઈસમો, એજન્ટો, મારફતે દાવાવાળી જમીનો કોઈ ત્રાહીત ઈસમોને વેચાણ, ગીરો, બક્ષીસ, કરે–કરાવે નહી કે કોઈ ત્રાહીત ઈસમોનો હકક, હીત, સબંધ ઉભો કરે કરાવે નહી કે અમો વાદીની સહમાલીકી નષ્ટ થાય તેવી કોઈ કાયવાહીઓ કરે કરાવે નહી કે દાવાવાળી જમીનો પર કોઈ લોન કે ઈતર નાણાકીય સંસ્થાઓનો બોજો ઉભો કરે કરાવે નહી તેવી કામચલાઉ તાકીદ પ્રતિવાદીઓ સામે આપવા અરજ કરેલ છે.

(૩) વાદીની દાવાની તથા હાલની અરજીની ટુકમા હકીકત એવી છે કે, વાદી સી/૫૯,અંબીકાદર્શન સોસાયટી–૧, પંચમ પાર્ટી પ્લોટની પાછળ, આજવા રોડ, વડોદરા મુકામે કુટુંબ સાથે રહે છે જયારે પ્રતિવાદી નં.૧ વાદીના મૈયતભાઈ (નિલેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર) ની પત્ની એટલે કે, વાદીના ભાભી થાય છે પ્રતિવાદી

નં.૨ સગીર દિકરી દેવાંશી ભાણી થાય છે. પ્રતિવાદી નં.૩ વાદીના માતૃશ્રી થાય છે અને પ્રતિવાદી નં.૪ નાની બહેન થાય છે. આ રીતે સદરહું દાવાના કામના પક્ષકારો એકજ કુટુંબના છે. વાદીના પિતાશ્રી ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહનાંઓ હતા. તેઓનું અવસાન તા.૨૭/૦૬/૯૬ ના રોજ થયેલ છે. વાદીના મૈયત પિતાશ્રીએ તેમના જીવન દરમ્યાન એક નીલાબેન સાથે લગ્ન કરેલુ તેઓના લગ્ન જીવન થકી એક પુત્ર નામે નિલેશકુમારનો જન્મ થયેલો. આ નિલેશકુમારનું તા.૨૩/૩/૦૧ ના રોજ આવસાન થયેલ જેઓના વારસોમાં પ્રતિવાદી નં.૧,૨ નાંઓ આવે છે. આમ વાદીના મૈયત પિતાશ્રીએ નીલાબેન સાથે તેમના લગ્ન જીવનમાં છુટાછેડા થતા તેઓની બીજી સ્ત્રી એટલે કે વાદીના માતૃશ્રી ચંન્દ્રીકાબેન સાથે લગ્ન કરેલા જે લગ્ન જીવન થકી વાદી તથા પ્રતિવાદી નં.૪ નો જન્મ થયેલો. દાવાવાળી મિલકત મોજે ગામ લીમેટ, તા.ઝઘડિયા, જી.ભરૂચની સીમમાં આવેલ છે.

| અ.નં. | રે.સ.નં./બ્લોક નં. | ખાતા નં. | ક્ષેત્રફળ ચો.મી. | આકાર રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૪૦૩ | ૧૧૨ | ૧.૮૪.૦૦ | ૭.૧૮ |

૧૯૮૬ માં વાદીના પિતા ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંન્દ્ર જયચંદ શાહ લકવાગ્રસ્ત થઈ જતા તેઓનું હલન–ચલન બંધ થયેલ અને તેઓ કાયમ માટે પથારીવશ થઈ ગયેલા અને તેઓએ આ સ્થિતીમાં આશરે ૧૦ વર્ષ સુધી હતા. વાદીના કુટુંબમાં વાદીની ફોઈ ભાનુબેન જયચંદ શાહ પણ સામેલ હતા અને તે વાદીના કુટુંબ સાથે રહેતા હતા. વાદીના પિતા ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહ લકવાથી પથારીવશ થતા વાદીની ફોઈ ભાનુબેન જયચંદ શાહએ વાદી અને પ્રતિવાદી નં.૩ અને ૪ ની ભરણપોષણની જવાબદારી લીધેલ અને તેઓએ વાદીની શિક્ષા–ભણતર અને અન્ય જવાબદારીઓ પુરી પાડેલી. આ કઠીન સમયમાં વાદીના ભાઈ નિલેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહ જે વાદીના પિતા ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર શાહના પ્રથમ પત્ની નીલાબેનના પુત્ર હતા અને તેઓએ વાદીના પિતા ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફલુચંદ્ર જયચંદ શાહની પ્રથમ પત્ની નીલાબેન સાથે અંકલેશ્વર મુકામે રહેતા હતા. વાદીના પિતા જયારે લકવાગ્રસ્ત હતા અને વાદી તથા પ્રતિવાદી નં.૩ અને ૪ કઠીન સમયથી પસાર થતા હતા તે સમયે નિલ ેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહ કોઈ દિવસ તેમની કોઈ ખબર લીધેલ

નથી એન દેખભાળ કરેલ નથી અને વાદીના પિતા ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહ લકવાના હમલાથી તા.૨૭/૬/૧૯૯૬ ના રોજ અવસાન પામેલ હતા. તે સમયે પણ નિલ ેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર શાહ તેઓની અંતિમ વિધીમાં સામે થયા નથી. વાદી ના પિતા ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહના અવસાન બાદ બે વર્ષ પછી અચાનક નિલેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર શાહને તેમની ફોઈ ભાનુબેન જયચંદ શાહ તથા બહેનો વાદી તથા પ્રતિવાદી નં.૨ ની લાગણી જાગ્રૃત થયેલ. નિલેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર શાહ વ્યવહારથી વાદીની ફોઈ ભાનુબેન જયચંદ શાહને ખુબ આનંદ થયેલ અને પોતાનો હિસ્સો માંગતા ફોઈ ભાનુબેન જયચંદ શાહે પુત્ર હોવાના નાતે તેમને હાલની વડીલોપાર્જિત દાવાવાળી જમીન જે ગામ લીમેટ, તા.ઝઘડિયા માં વારસાઈ નોંધ દાખલ કરાવેલ અને અંકલેશ્વરમાં મકાન તેમના નામે કરી આપેલ. વાદીના પિતા ઈતેન્દ્રકુમાર જયારે જીવતા હતા અને બીમારી દરમ્યાન પણ નિલેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર શાહ કે જેઓ પ્રતિવાદી નં.૧ ના પતી અને પ્રતિવાદી નં.૨ ના પિતા થાય છે અને તેઓએ તે સમય દરમ્યાન કોઈપણ ખોજ–ખબર રાખેલ નથી. વાદીના પિતા ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહના અવસાન પછી બે વર્ષ બાદ તેઓને હાલની દાવાવાળી વડિલોપાર્જિત મિલકત પચાવવા વાદીની ફોઈ તથા વાદી તથા પ્રીતવાદી નં.૪ સાથે સંબંધ બાંધેલા અને તે સમયે વાદી તથા પ્રતિવાદી નં.૩ અને ૪ જે વાદીની માતા અને બહેન થાય છે. વાદીની ફોઈ ભાનુબેન જયચંદ શાહ વાદી તથા પ્રતિવાદી નં.૩ અને ૪ ના ભરણપોષણ કરતા હોવાથી વાદી તેમના આધીન હતા અને વાદી તથા પ્ર તિવાદી નં.૩ અને ૪ તેમની કોઈપણ વાતનો વિરોધ કરતા ન હતા. ૧૯૯૯ માં વાદી નિશાંત રમેશભાઈ પટેલ સાથે તા.૦૭/૦૩/૧૯૯૯ ના રોજ પ્રેમ લગ્ન કરેલ હતા જે વાદીની ફોઈ ભાનુબેન જયચંદ શાહે તેમના મરજી વિરૂઘ્ધ હોવાથી સ્વીકારેલ નહી તે સમય દરમ્યાન વાદીની ફોઈ ભાનુબેન જયચંદ શાહે વડિલોપાર્જિત દાવાવાળી જમીનમાં નોંધ નં.૧૩૧૨ જે તા.૨૦/૧૦/૧૯૯૯ ના રોજ પાડવામાં આવેલ અને વાદી સીધીલીટીના વારસદાર હોવા છતાં પ્રતિવાદી નં.૧ ના પતી અને પ્રતિવાદી નં.૨ ના પિતા નિલેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર શાહનું નામ વારસદાર તરીકે દાખલ કરેલ અને વાદી સીધીલીટીના વારસદાર હોવા છતાં ખોટા પેઢીનામાંના આધારે વાદીનું નામ બાકાત

કરેલ અને નોંધ નં.૧૩૧૨ જે તા.૨૦/૧૦/૯૯ ના રોજ પાડવામાં આવેલ. જે ગેરકાયદેસર અને ખોટી હોવાના કારણે વાદી કાયદેસરના વારસદાર હોવાથી દાવાવાળી મિલકતમાં હીસ્સો લેવા સદર દાવો કરવાની ફરજ પડેલ. નોંધ નં.૧૩૧૨/૯૯ પડેલ પછી નોંધ નં.૧ ૩૧૩/૯૯ પાડવામાં આવેલ જે નોંધમાં દાવાના પ્રતિવાદી નં.૩ તથા પ્રતિવાદી નં.૪ પોતાનો હિસ્સો પ્રતિવાદી નં.૧ ના પતી અને ૨ ના પિતા નિલેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્ર ફુલચંદ્ર શાહના હિતમાં જતો કરેલ દર્શાવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ ના પત્ની અને પ્રતિવાદી નં.૨ના પિતા નિલેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર શાહ તા.૨૭/૩/૦૧ ના રોજ અવસાન પામતા પ્રતિવાદી નં.૧ ની વારસાઈ નોંધ નં.૧૬૫૪ પાડવા અરજ કરેલ અને તા.૧૭/૪/૧૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ જે સદર એન્ટ્રી જે મુળથી જ ગેરકાયદેસર છે. વાદી પોતાના લગ્ન પછી તેમના પતિ નિશાંત રમેશભાઈ પટેલ સાથે લગ્ન જીવન નિર્વાહ કરતા હતા અને તે સમયે વાદીને દાવાવાળી મિલકત અંગે કોઈપણ જાતની માહિતી હતી નહી અને વાદીના પ્રતિવાદી નં.૩ અને ૪ સાથે સંબંધ સારા હતા નહી તેથી તેઓએ પણ કોઈ દિવસ વાદીને હાલની દાવાવાળી મિલકત અંગે કોઈપણ પ્ર કારની ચર્ચા વાદી સાથે કરેલ ન હતી. ત્યારબાદ વાદીની ફોઈ ભાનુબેન જયચંદ શાહના અવસાન થયેલ તે પછી ૨૦૧૪ મં તેમની માતા તથા બહેન ધ્વરા વાદીને વડિલોપાર્જિત મિલકત અંગે જાણ થયેલ અને તે બાબતના દસ્તાવેજો વાદી લીંમેટ ગામના તલાટી પાસેથી કઢાવતા વાદીને સદર નોંધ નં.૧૩૧૨/૯૯ ની ખબર પડતા તથા સદર નોંધમાં વાદી સીધીલીટીના વારસદાર હોવા છતાં નામ દર્શાવતા ન હોવાના કારણે વાદીએ નોંધ નં.૧ ૩૧૨/૯૯ નાયબ કલેકટર સમક્ષ અપીલ હકપ–વશી ૧૭૫૧/૨૦૧૪ નંબરથી તા.૨૦/૦૩/૧૪ ના રોજ ચેલેંન્જ કરેલ અને ડેપ્યુટી કલેકટરશ્રીએ વાદીની અરજી રદ કરતા વાદીએ કલેકટરશ્રીની કચેરીમાં હકપ/અપીલ/કેસ નં.૩૭૨/૧૫ દાખલ કરેલ તેઓ પણ વાદીની અપીલ ફરીથી રદ કરતા વાદીએ રીવીઝન અપીલ ગુજરાત રાજય અમદાવાદ મહેસુલ વિભાગ ખાતે દાખલ કરેલ જે હાલમાં પેન્ડિંગ છે. પ્રતિવાદી નં.૧ ના પતી અને પ્ર તિવાદી નં.૨ ના પિતા નિલેશકુમાર ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર શાહે ગેરકાયદેસર અને બોગસ પેઢીનામાનાં આધારે વાદીનું નામ નોંધ નં.૧૩૧૨/૯૯ માં બાકાત રાખીને વાદીનુ હકક અને હીસ્સો ડુબાડેલ છે. વાદીએ તે એન્ટ્રીનું રેવન્યુ ઓથોરીટી સમક્ષ

ચેલેન્જ કરેલ છે. સદર દાવાવાળી મિલકતમાં વાદીનેં વણવહેંચાણવાળો સંયુકત હિસ્સો છે જે રેવન્યુ રેકર્ડમાં નામ દર્શાવેલ ના હોવાથી પણ કાયદા પ્રમાણે વાદીનો હિસ્સો છે અને રહેશે. રેવન્યુ રેકર્ડમાં નામ હોવાથી પ્રતિવાદી નં.૧ અને ૨ માલીક થઈ જતા નથી કેમ કે તે ફકત રેવન્યુ ટેકસ ભરવા બાબત છે. વાદી સીધીલીટીના વારસ હોવાથી વાદીનો હકક સંપૂર્ણ અને કાયમી છે. દાવાવાળી મિલકતમાં વાદીનો વણવહેંચાયેલો સરખો–સરખો માલીકી હકક સમાયેલો છે અને વાદીએ કદી કોઈના હકકમાં પોતાનો હકક જતો કરેલ નથી. પરંતુ આ તમામ પ્રીતવાદીઓએ એકબિજાના મેળાપીપણામાં વાદીના હકક–હિસ્સો હકક નષ્ટ કરી નાંખવાના ઈરાદાથી રેવન્યુ રેકર્ડમાં તેમનું નામ જાણી–બુઝીને જણાવેલ નથી. આવા ગેરકાયદેસર કૃત્યોથી કે જે રેવન્યુ રેકર્ડની નોંધોથી વાદીનો માલીકી હકક, હીત, હીસ્સો નષ્ટ થતો નથી જેથી વાદીએ સદર દાવાવાળી જમીનની સરસ–નરસ વહેંચણી કરાવી લઈને વાદીનો હીસ્સો અલગ કરાવી લેવા માટેનો દાવો દાખલ કરેલ છે. દાવાવાળી મિલકતમાં વાદીનો વણવહેંચાયેલો નોમીનીયલ સરખો હિસ્સો સમાયેલો છે. આ પ્રમાણે વાદીનો હિસ્સાને કે માલીકીને કોઈ હરકત અડચણ થાય તેવા કૃત્યો કરવા કે દાવાવાળી મિલકત ઈતર કોઈ ત્રાહીત ઈસમોને વેચાણ, ગીરો, બક્ષીસ કરવા કે કોઈ ત્રાહીત ઈસમોનો હકક ઉભો કરવા કે દાવાવાળી જમીન ઉપર કોઈપણ નાણાંકીય સંસ્થાનો ચાર્જ કે બોજો ઉત્પન્ન કરવા પ્રતિવાદીઓને કોઈ હકક કે અધિકાર નથી તથા દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ સાથે વાદી પણ સહ માલીક, સહપરિવાર અને સહકબજેદાર છે તેવુ ઠરાવી લેવા તથા તે અંગેની કાયમી તાકીદ મેળવવા સદર દાવો ના.કોર્ટમાં દાખલ કરી પ્રતિવાદીઓ જાતે કે તેમના ઈસમો, એજન્ટો મારફતે દાવાવાળી જમીનો કોઈ ત્રાહીત ઈસમોને વેચાણ, ગીરો, બક્ષીસ કરે કરાવે નહી કે કોઈ ત્રાહીત ઈસમોનો હકક હીત સંબંધ ઉભો કરે કરાવે નહી કે વાદીની સહમાલીકી નષ્ટ થાય તેવી કોઈ કાર્યવાહીઓ કરે કરાવે નહી કે દાવાવાળી જમીનો પર કોઈ લોન કે ઈતર નાણાંકીય સંસ્થાઓનો બોજો ઉભો કરે કરાવે નહી તેવો વાદીના લાભમાં  તથા પ્રતિવાદી વિરુઘ્ઘ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજ ગુજારેલ છે.

(૪) ત્યારબાદ મનાઈ અરજી સંદર્ભે આ કામના પ્રતિવાદીઓ ને સમન્સ તથા કારણદર્શક નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. જે સમન્સ નોટીસ તેઓને બજી જતાં, પ્રતિવાદી નં.(૧) તથા (૨) નાએ આંકઃ૨૧ થી વાદીના દાવા તથા મનાઈ અરજીનો લેખિત જવાબ આપેલ છે. સદર જવાબમાં પ્રતિવાદી નં.(૧) તથા (૨) નાએ જણાવેલ છે કે, વાદીને દાવો કે મનાઈ હુકમ મેળવવાની અરજી કરવાનો કાયદેસરનો હકક કે અધિકાર નથી, દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે, દાવાને અપુરતા કોર્ટ ફી સ્ટેમ્પનો બાધ નડે છે તથા દાવાને દિવાની કાર્યવાહીના કાયદાની કલમ–૧૦ ની જોગવાઈનો બાધ નડે છે તેમ જણાવી વાદીના દાવા અરજી તથા મનાઈ અરજીની તમામ હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે જવાબમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ ના સાસુ તથા પ્રતિવાદી નં.૨ ના દાદીમાં નામે નીલાબેન તે ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહના પત્નીએ ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહ સાથે છુટાછેડા થયા હતા, છુટાછેડા બાદ તેઓ પ્રતિવાદી નં.૧ ના પતિ અને પ્રતિવાદી નં.૨ ના પિતા સાથે સુરત મુકામે રહેતા હતા. પ્રતિવાદી નં.૧ ના સસરાની તબિયત નાદુરસ્ત રહેતી હોય પ્રતિવાદી નં.૧ ના પતિ નિલેશ તેમને અવારનવાર મળવા વડોદરા મુકામે જતા હતા અને તેમના મરણ સમયે પણ તેઓ તેમના પિતાજીની અંતિમવીધીમાં પણ હાજર રહયા હતા, પ્ર તિવાદી નં.૧ ના સસરા નામે ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહના મરણ બાદ પણ અમાર પતિ નિલેશ અવાર નવાર પ્રતિવાદીઓના ઘરે જતા હતા અતે તેમની સાથે સારો સંબંધ તેમના મૃત્યુ સયમ સુધી રાખેલ, પ્રતિવાદી નં.૧ ના ફોઈ સાસુ સાથે વાદી તથા પ્રતિવાદી નં.૩ અને ૪ નાંઓ રહેતા હતા ત્યારે પણ અમારા પતિ નિલેશ પ્ર તિવાદીઓને અવાર નવાર મળવા જતા તથા તેમના ભરણપોષણ પેટે આર્થિક મદદ કરતા હતા, વાદીએ સને ૧૯૯૯ ના વર્ષમાં નિશાંત રમેશભાઈ પટેલની સાથે પ્રતિવાદી નં.૩,૪ અને પ્રતિવાદી નં.૧ ના ફોઈ સાસુની મરજી વિરૂઘ્ધ લગ્ન કરેલ, વાદીએ પ્રેમલગ્ન કર્યા બાદ પણ પ્રતિવાદીના પતિ પ્રતિવાદી નં.૩ અને ૪ ને તમામ પ્રકારે મદદ કરતા હોય તથા વાદીને પણ મદદ કરતા હોય, પ્રતિવાદી નં.૩ અને ૪ નાંએ દાવાવાળી મિલકતમાંથી તેમનો હકક હિસ્સો તથા લાગભાગ પ્રતિવાદી નં.૧ ના પતિ તથા પ્રતિવાદી નં.૨ ના પતિ નિલેશકુમારની તરફેણમાં જતો કરેલ તે સમયે તમો પ્રતિવાદીએ પ્રતિવાદી નં.૧ ના પતિ

તથા પ્રતિવાદી નં.૩ અને ૪ તથા તેમની ફોઈ સાસુ ભાનુબેન જયચંદ શાહને જણાવેલ કે, " મારે જમીનમાંથી કોઈ પણ પ્રકારનો હકક હિસ્સો જોઈતો નથી તમો તમામ જમીન નિલ ેશને આપી દો." તેમ મૌખિક રીતે જણાવેલ જે હકીકતથી વાદી સારી રીતે માહીતગાર હોવા છતા ૧૬ વર્ષ બાદ જમીનના ભાવોમાં વધારો થતા વાદીની દાનત બગડતા તેમણે હાલનો ખોટો દાવો તથા મનાઈ અરજી મુદત બહાર કરે હોય વાદીનો દાવો તથા મનાઈ અરજી કાયદેસર રીતે ચાલવાપાત્ર નથી.

વધુમાં અરજીના પેરા–૬ તથા ૭ અન્વયે ખરી હકીકતમાં જણાવે છે કે, અમારા પતિ નિલેશ પ્રતિવાદીઓને અવાર નવાર મળવા જતા તથા તેમના ભરણપોષણ પેટે આર્થિક મદદ કરતા હતા. વાદીએ સને–૧૯૯૯ ના વર્ષમાં નિશાંત રમેશભાઈ પટેલની સાથે પ્રતિવાદી નં.૩,૪ અને પ્રતિવાદી નં.૧ ના ફોઈ સાસુની મરજી વિરૂધ્ધ લગ્ન કરેલ, વાદીએ પ્રેમલગ્ન કર્યા બાદ પણ પ્રતિવાદીના પતિ પ્રતિવાદી નં.૩ અને ૪ ને તમામ પ્રકારે મદદ કરતા હોય તથા વાદીને પણ મદદ કરતા હોય, પ્રતિવાદી નં.૩ અને ૪ નાંએ દાવાવાળી મિલકતમાંથી તેમનો હકક હીસ્સો તથા લાગભાગ પ્રતિવાદી નં.૧ ના પતિ તથા પ્રતિવાદી નં.૨ ના પતિ નિલેશકુમારની તરફેણમાં જતો કરેલ, તે સમયે પ્ર તિવાદીએ પ્રતિવાદી નં.૧ ના પતિ તથા પ્રતિવાદી નં.૩ અને ૪ તથા તેમની ફોઈ સાસુ ભાનુબેન જયચંદ શાહને જણાવેલ કે, " મારે જમીનમાંથી કોઈપણ પ્રકારનો હકક હિસ્સો જોઈતો નથી. તમો તમામ જમીન નિલેશને આપી દો." તેમ મૌખિક રીતે જણાવેલ, આમ સદર તમામ હકીકતથી વાદી સારી રીતે માહીતગાર હોવા છતાં, ખોટી હકીકતો ના.કોર્ટમાં જણાવી ખોટો દાવો તથા મનાઈ અરજી દાખલ કરેલ છે જે કાયદેસર રીતે ચાલવાપાત્ર નથી.

વધુમાં અરજીના પેરા–૮,૯ તથા ૧૦ અન્વયે ખરી હકીકતમાં જણાવે છે કે,જયારે તા.૨૦/૧૦/૧૯૯૯ ના રોજ દાવાવાળી જમીનમાં ફેરફાર નોંધ નં.૧૩૧૨ પાડવામાં આવેલ ત્યારે વાદીએ સ્વૈચ્છિક રીતે પ્રતિવાદી નં.૧ ના પતિ તથા તેમના ફોઈ સાસુ ભાનુબેન તથા પ્રતિવાદી નં.૩ અને ૪ સાથે સંબંધો તોડી નાંખેલા જયારે સદરહું દાવાવાળી મિલકતમાં વારસાઈ કરવા બાબતે વાદીને જણાવતા વાદીએ મૌખિક રીતે તમારો હિસ્સો પ્ર તિવાદી નં.૧ ના પતિ નિલેશને આપવા જણાવેલ, આમ વાદીએ મોખિક રીતે તમારો

દાવાવાળી જમીનમાં રહેલ લાગભાગ તથા હકક હિસ્સો પ્રતિવાદી નં.૧ ના પતીની તરફેણમાં જતો કરેલ અને પ્રતિવાદી નં.ફ૩ અને ૪ નાંએ ફેરફાર નોંધ નં.૧૩૧૩ થી નિલેશકુમારની તરફેણમાં તમેનો હકક લેખિતમાં જતો કરેલ, ત્યારબાદ અમો ૨૦૦૧ ની સાલમાં પ્રતિવાદી નં.૧ ના પતિ તથા પ્રતિવાદી નં.૨ ના પિતા ગુજરી જતા તેની વારસાઈ ફેરફાર નોંધ નં.૧૬૫૪ પાડવામાં આવેલ, જે નોંધ તા.૧૭/૦૪/૧૨ ના રોજ પ્ર માણીત થયેલ છે.

ત્યારબાદ વધુમાં ખરી હકીકતમાં જણાવે છે કે, વાદી તેમનાં દાવાના પેરા–૮ માં એકતરફી વાદીની ફોઈ ભાનુબેન જયચંદ શાહે વડીલોપાર્જિત દાવાવાળી જમીનમાં નોંધ નં.૧૩૧૨, તા.૨૦/૧૦/૧૯૯૯ ના રોજ પડાવેલ હોવાનું જણાવે છે. દાવાના પેરા–૧૦ માં પ્રતિવાદી નં.૧ ના પતિએ તેમનું નામ બાકાત રાખેલ હોવાની હકીકત જણાવે છે. આમ, સદર તમામ હકીકતો ધ્યાને લેતા વાદીના દાવાને એસ્ટોપલના સિધ્ધાંતનો સ્પષ્ટ બાધ નડે છે જેથી કરીને પણ વાદીનો દાવો તથા મનાઈ અરજી કાયદેસર રીતે ચાલવાપાત્ર નથી.

અરજીના પેરા–૧૧ અન્વયે ખરી હકીકતમાં જણાવે છે કે, પ્રતિવાદી નં.૩ અને ૪ નાંએ લેખિતમાં પ્રતિવાદી નં.૧ ના પતિ તથા પ્રતિવાદી નં.૨ ના પતિ નિલેશકુમારની તરફેણમાં પોતાનો હકક હીસ્સો કાયમ માટે જતો કરેલ અને વાદીએ પણ મૌખિક રીતે પ્ર તિવાદી નં.૧ ના પતિની તરફેણમાં જતો કરેલ હોય, વાદી તથા પ્રતિવાદી નં.૩ અને ૪ ને કોઈપણ પ્રકારનો હકક હિસ્સો દાવાવાળી જમીનમાં રહેલ નથી. જેથી સદરહું મિલકતનો વહીવટ, વ્યવસ્થા કરવાનો, તેનો ઉપયોગ કરવાનો અમારો કાયદેસરનો હકક કે અધિકાર છે.

ત્યરબાદ પ્રતિવાદી નં.૩ તથા ૪ નાએ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો ભેગો લેખિત જવાબ આંકઃ૨૨ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો નથી અને આ જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની વાદીના દાવાની તમામ હકીકતો ખોટી હોઈ પ્રતિવાદીઓને લેશમાત્ર કબુલ નથી વાદીનો દાવો ફોલસ, ફીવોરસ અને વેકસેસીયસ હોઈ રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો શુધ્ધ બુધ્ધિ વગરનો હોઈ રદ થવાને પાત્ર છે અને ખરી હકીકતમાં જણાવે છે કે, પ્રતિવાદી નં.૩ મૈયત

ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંન્દ્ર જયચંદ શાહના વિધવા પત્ની છે. અમારા પતિએ અમારા પહેલા પ્રતિવાદી નં.૧ ના સાસુ નીલાબેન સાથે લગ્ન કરેલા જે લગ્ન જીવન તેઓના વચ્ચે મનમેળ ન હોય એકબીજાની મરજીથી સમાજ અને વડીલોની હાજરીમાં વિધીવત રીતે છુટાછેડા થયેલા અને તે સમયે અમારા પતિએ તમેને જે કાંઈ આપવાનું હતુ તે તમામ વસ્તુઓ તેમને આપી દિધેલી. અમારા પતિના પ્રથમ લગ્ન જીવનથી થયેલ સંતાનને પણ તેમની પ્રથમ પત્નીના માંગ્યા મુજબ લાલન પાલન ભરણપોષણ દવાદારૂ પેટે ઘણી મોટી રકમ આપેલી જે રકમ લઈ પ્રતિવાદી નં.૧ ના સાસુ નીલાબેન પોતાનો તથા પોતાના દિકરાનો તમામ લાગભાગ, હકક, હીત, સંબંધ કાયમ માટે જતો રહેવા દઈ અમારા પતિને છુટાછેડા આપેલા. અમારા પતિના છુટાછેડા થયા બાદ અમારા પતિએ અમારી સાથે કાયદેસર રીતે લગ્ન કરેલા અને લગ્ન કર્યા બાદ અમારા પતિ તેમની હયાતી સુધી અમારી સાથે લગ્ન જીવન ગુજારતા હતા. અમારા લગ્ન જીવન થકી અમોએ બે પુત્રીઓને જન્મ આપેલો. જેમાં મોટી પુત્રી એટલે કે, હાલના વાદી સ્વછંદી, બંડખોર અને જીદી સ્વભાવના હય તેઓએ પોતાની મરજીથી અમારા પતિના અવસાન બાદ સમાજમાં અમારા પતિની મિલકતો ઉપર પોતાનો હકક કાયમ માટે છોડી દિધેલો છે. તેવુ જણાવી ત્રાહિત ઈસમ સાથે લગ્ન કરી અમારા ઘરનો ત્યાગ કરેલો હતો. લગ્ન કર્યા બાદ આજદિન સુધી વાદી અમારી ખબર અંતર પુછવા કે કાઢવા આવેલા નથી.

વધુમાં જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ ના પતિ નિલેશકુમાર પણ અમારા પતિ હયાત હતા ત્યાં સુધી કોઈપણ દિવસ અમારા પતિની ખબર અંતર સેવચાકરી કરેલ નથી. અમારા પતિ તેમના અવસાન પહેલા ૧૦ વર્ષ સુધી લકવાગ્રસ્ત હોય પથારીમાં અસહાય, લાચારીભર્યુ જીવન જીવતા હતા તે સમયે પ્રતિવાદી નં.૧ પોતે કે તેમના સાસુ કે તેમના પતિએ કોઈપણ જાતની દરકાર લીધેલ નથી કે અમારા પતિની હયાતીમાં પોતાના ભાગ માટે માંગણી કરેલ નથી. પરંતુ અમારા પતિના અવસાન બાદ અમો નિઃસહાય, અબળા વિધવા બાઈ હોય અમારા પતિની મિલકતો બાબતે અમોને એટલુ બધુ જ્ઞાન ન હોય અમારા પોતાના જીવન નિર્વાહ તેમજ અમારા પતીની માંદગીમાં થયેલા લાખો રૂપિયાના ખર્ચને પહોંચી વળવા મહેનત મજુરી કરવી પડેલ જેથી અમારા પતિના નામે આવેલ જમીનો તેમજ બીજી મિલકતોમાં અમારુ ધ્યાન ગયેલ નહી. અમારા પતિની

મિલકતોના અમો પ્રતિવાદી નં.૩ અને ૪ જ એકલા વારસદાર હોય અને તેમના અવસાન બાદ કાયદાકીય રીતે અમારા નામે જ થવાની હોય અમોએ જે તે સમયે અમારા પતિની મિલકતોના કાગળો જોયેલા નહી અને વારસાઈ માટે કોઈ કાગળો બનાવેલા નહી. જેનો ગેરલાભ લઈ પોતાના પિતાને આટ–આટલી વેદનાંઓ હોવા છતાં કયારેય પણ તેમને જોવા કે કોઈપણ જાતની સારસંભાળ ન કરનારો પુત્ર એટલે કે, પ્રતિવાદી નં.૧ ના પતિ અચાનક અમો પ્રતિવાદી નં.૧ ના પતિના અવસાન બાદ અમોને અંધારા રાખી ફેરફાર નોંધ નં.૧૩૧૨ વાળી નોંધ ગામ દફતરે પડાવેલી જે ફેરફાર નોંધ અંગે અમો પ્ર તિવાદી નં.૩ નાંને આજદિન સુધી જાણ હતી નહી સદર નોંધ તા.૨૩/૧૨/૯૯ નાં રોજ મામલતદારશ્રી ધ્વારા પ્રમાણિત કરવામાં આવે છે. પરંતુ એકબીજાના મેળાપીપણામાં પ્ર તિવાદી નં.૧ ના પતિ અને મામલતદાર ઓફીસના અધિકારીઓની સાંઠગાંઠમાં અમારુ નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થાય તે પહેલા જ તા.૪/૧૨/૯૯ ના રોજ ફેરફાર નોંધ નં.૧ ૩૧૩ થી અમારો હકક ઉઠાવી લેવાની નોંધ પાડવામાં આવે છે. આજ રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જે પણ નોંધ પાડવામાં આવેલ છે તેની ઉપર છેતરપિંડીનું ષડયંત્ર કરી અમારા હકકને નુકસાન કરેલ છે. કાયદાકીય જોગવાઈ મુજબ રેવન્યુ રેકર્ડમાં જે નોંધ પ્રથમ પાડવામાં આવેલ હોય તે નોંધ પ્રમાણિત થયા બાદ જ બીજી નોંધ પાડવી જોઈએ પરંતુ અમારી અમારા પતિની જમીનો અંગે ખોટી અને ગેરકાયદેસર રીતે પાડવામાં આવેલ નોંધ મંજુર થાય તે પહેલા જ અમારો હકક નષ્ટ કરેલો છે. આમ, પંતિવાદી નં.૧ ના પતિએ અધિકારીઓના મેળાપીપણામાં કરેલા ખોટા વ્યવહારોની અમો પ્રતિવાદી નં.૩ ને કોઈપણ જાતની માહિતી ન હતી. સદર નોંધ અંગે વાદી ધ્વારા કરવામાં આવેલ હાલના દાવા બાદ જ અમારી માલિકીની મિલકતોમાં પ્રતિવાદી નં.૧ ના પતિ તેમજ પ્રતિવાદી નં.૧ અને ૨ ધ્વારા આચરવામાં આવેલ છેતરપિંડીના કૃત્ય અંગેની જાણ થયેલી.

વધુમાં જણાવે છે કે, દાવાવાળ તમામ મિલકતો ઉપર ફકત અમો પ્રતિવાદી નં.૩ અને ૪ નો જ કાયદેસર રીતે હકક,હિત,સંબંધ રહેલો છે તે સિવાય કોઈનો કોઈપણ રીતે લાગભાગ, હકક,હિત,સંબંધ રહેલો નથી. દાવાવાળી મિલકત ઉપર અમોએ કયારેય પણ કોઈપણ રીતે અમારો હકક કોઈના પણ લાભમાં જતો કરેલ નથી. પ્રતિવાદી નં.૧ ના પતિ અમો પ્રતિવાદી નં.૩ ના પતીની હયાતીમાં કયારેય પણ જોવા આવેલ નથી કે તેમની

દવાદારૂ,સેવાચાકરી કરેલ નથી. અમારા પતિ હયાત હતા ત્યાં સુધી તેમની કોઈ મિલકતોમાં પોતાનો હકક હોવાની માંગણી કરેલ નથી પરંતુ તેમના અવસાન બાદ ખોટી રીતે છેતરપિંડી કરી અમો પ્રતિવાદી નં.૩ અને ૪ ને અંધારામાં રાખી અમારી જાણ બહાર તમામ મિલકતોમાં પોતાનું નામ ગેરકાયદેસર રીતે દાખલ કરાવેલ હતુ જે ગેરકાયદેસર અને ખોટુ છે જે અંગે અમો પ્રતિવાદી નં.૩ અને ૪ રેવન્યુ તેમજ ફોજદારી રાહે તેમની સામે કાયદેસરના પગલા ભરવાના હકકો અબાધિત રાખી હાલનો જવાબ આપેલો છે.

વધુમાં જણાવે છે કે, અમારા પતિ ૧૦ વર્ષ સુધી લકવાગ્રસ્ત શરીરથી રીબાઈને પોતાનું શેષ જીવન અમારી સાથે જીવતા હતા તે સમયે પ્રતિવાદી નં.૧ ના પતિ કે પ્રતિવાદી નં.૧ કે ૨ અમારા પતિની સારવાર પેટે થયેલા લાખો રૂપિયાના ખર્ચમાં પણ કોઈપણ જાતની મદદ કરેલી નહી. પ્રતિવાદી નં.૧ ના પતિ પુત્ર હોવાનું ઉપરાણું લઈ ખોટી અને ગેરકાયદેસર રીતે તેમનો હકક પોતે પુખ્ત થયા બાદ છોડી દિધેલો હોય કે તે અંગે કયારેય પણ માંગણી કરેલ ન હોય તેમના પિતાની સેવાચાકરી ન કરેલ હોય તેમના પિતાના બિમારી માટે થઈ ગયેલ લાખો રૂપિયાના દેવા માટે એકપણ રૂપિયાની મદદ ન કરેલ હોય તે પુત્ર જો પિતાના અવસાન બાદ ગેરકાયદેસર અને ખોટી રીતે તેમની મિલકતોમાં જતો કરેલ હકક ફરીથી પ્રાપ્ત કરવામાં માંગતો હોય તો પિતાના દેવામાં પણ ભાગીદાર કેમ ન થાય. પરંતુ પ્રતિવાદી નં.૧ ના પતિની વૃતિ બીજાનું પડાવી લેવાની હતી અને તેમના જ પદ ચીન્હો પર પ્રતિવાદી નં.૧ અને ૨ ચાલી રહેલા છે. આમ, દાવાવાળી મિલકત ઉપ્ર અમો પ્રતિવાદી નં.૩ અને ૪ નો જ કાયદેસરનો માલીકી હકક રહેલો છે.

(૫)વાદીએ દાવા સાથે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરી તેની ઉપર આધાર રાખેલ છે.

| **અનુ.નં.** | **દસ્તાવેજી પુરાવા** | **નીશાની** |
|---|---|---|
| ૧. | મૈયત ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર જયચંદ શાહનું પેઢીનામું | ૩/૧ |
| ૨. | મૈયત ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ્ર શાહનું મરણ પ્રમાણપત્ર | ૩/૨ |
| ૩. | વાદી શ્વેતાબેનનુ જન્મનું પ્રમાણપત્ર | ૩/૩ |

| | | |
|---|---|---|
| ૪. | વાદીની બહેન નેહલબેનનું જન્મનું પ્રમાણપત્ર | ૩/૪ |
| ૫. | વાદીનું લગ્નનું પ્રમાણપત્ર | ૩/૫ |
| ૬. | નોંધ નં.૧૧૨૧/૮૯ ની નકલ | ૩/૬ |
| ૭. | નોંધ નં.૧૩૧૨/૯૯ તથા નોંધ નં.૧૩૧૩/૯૯ ની નકલ | ૩/૭ |
| ૮. | ના.કલેકટર ઝઘડિયાનાં હુકમની નકલ | ૩/૮ |
| ૯. | કલેકટરના હુકમની નકલ | ૩/૯ |
| ૧૦. | મૈયત નિલેશકુમાર શાહનું મરણનું પ્રમાણપત્ર | ૩/૧૦ |
| ૧૧. | નોંધ નં.૧૬૫૪/૧૨ ની નકલ | ૩/૧૧ |
| ૧૨. | સર્વે નં.૪૦૩ નો ગામ ન.નં.૭,૧૨,૮–અ,હકકપત્ર–૬ ની નકલો | ૩/૧૨ |
| ૧૩. | વાદીના લગ્ન પહેલાના રેશનકાર્ડની નકલ | ૩/૧૩ |
| ૧૪. | ભાનુબેન જયચંદ શાહની બેંકની પાસબુક તથા પેન્શન ઓળખપત્રકની નકલ | ૩/૧૪ |
| ૧૫. | ભાનુબેનનો મરણનો દાખલો | ૩/૧૫ |

(૬) પ્રતિવાદીઓએ પોતાના લેખિત જવાબ આપેલ છે પરંતુ કોઈ દસ્તાવેજી પુરાવાઓ સદર કામે રજુ કરેલ નથી.

(૭) સદર દાવાના કામે વાદી તથા પ્રતિવાદીના વિધ્વાન વકીલશ્રીની વિગતવારની જે લેખિત દલીલ રજુ કરવામા આવેલ છે આંક–૨૬, ૨૭, ૨૮ જે ધ્યાને લીધી.

(૮) આ કામે આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજીનો ન્યાય–નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલાં છે :–

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડ–અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમા

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

(૧૦) ઉપરોકત જણાવેલ ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે કાયદાકીય તથા હકીકતોની દ્રષ્ટિએ સંકળાયેલ હોય ત્રણેય મુદ્દાઓની ચર્ચા અહીં એકસાથે કરવામાં આવેલી છે.

આ કામે પક્ષકારો ધ્વારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા પહેલા એ નોંધવુ જરૂરી છે કે મનાઈહુકમની દાદ એ કોર્ટની વિવેકબુધ્ધિની સતા છે અને મનાઈહુકમની દાદ એ સમન્યાયી દાદ છે જેથી મનાઈહુકમ એ સામાન્ય રીતે મંજુર થવો જોઈએ એવુ નથી, તેની અસર સામાવાળા પર થતી હોય છે. હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ ધ્વારા મનાઈ હુકમ કેવા સંજોગોમા આપવો જોઈએ અને કેવા સંજોગોમા ન આપવો જોઈએ તે માટે મનાઈહુકમના મહત્વના ત્રણ તત્વો પ્રસ્થાપિત કરેલ છે જેમા (૧) પ્રથમ દર્શનીય કેસ (૨) સગવડતા અગવડતાની સમતુલા અને (૩) નાણામા ન આંકી શકાય તેવુ નુકશાન. આ ત્રણેય તત્વો વાદી ધ્વારા પોતાની તરફેણમા કોર્ટને સંતોષ થાય તે રીતે બતાવવામા આવે તો જ મનાઈહુકમ મંજુર થઈ શકે જો ઉપરોકત ત્રણ તત્વો પૈકી એક પણ તત્વ કોર્ટને સંતોષ ન થાય તો મનાઈ હુકમ મંજુર થઈ શકે નહી.

આ કામના વાદીએ સદરહું દાવો ખેતીની જમીનના સરસ–નરસ વહેંચણી કરાવી લેવા બાબત તથા હકક સ્થાપન અને કાયમી તાકીદ માટેનો દાવો દાખલ કરી હાલની અરજી કરેલ છે. વાદીની દાવા–અરજીની હકીકતો ધ્યાને લેતા મુખ્યતવે વાદીનો દાવાવાળી મિલ્કતમા હીસ્સો હોવાનું જણાવેલ છે અને વાદી ધ્વારા તેઓનો દાવા–અરજીના સમથનમા મૈયત ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ જયશંચદશાહનું પેઢીનામું રજુ કરેલ છે જે ધ્યાને લેતા વાદી ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ જયચંદ શાહના બીજા પત્ની ચંદ્રીકાબેનની દિકરી હોવાનું ફલીત થાય છે અને દાવાવાળી મિલ્કત પ્રથમ ઈતેન્દ્રકુમાર જયચંદશાહના નામે આવેલ હતી જે માર્ક ૩/૬ ની નોંધ નં.૧૧૨૧ ધ્યાને લેતા જણાય આવે છે તેમજ દાવા–અરજીની હકીકતો ધ્યાને લેતા વાદીએ દાવા–અરજીમા જણાવેલ છે કે, ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ જયચંદ શાહનુ અવસાન તા.૨૭–૦૬–૧૯૯૬ ના રોજ

થયેલ છે તેમજ નિલેશકુમારનુ અવસાન તા.૨૩–૦૩–૨૦૦૧ ના રોજ થયેલ છે તેમજ વાદીના પ્રેમ લગ્ન નિશાંત રમેશભાઈ પટેલ સાથે તા.૦૭–૩–૧૯૯૯ ના રોજ થતા જેનાથી વાદીની ફોઈ ભાનુબેન જયચંદ શાહે તેમના મરજી વિરૂધ્ધ હોય વડીલોપાજીત દાવાવાળી જમીનમા નોંધ નં.૧૩૧૨ તા.૨૦–૧૦–૧૯૯૯ ના રોજ પાડવામા આવેલ અને વાદી સીધી લીટીના વારસદાર હોવા છતા ખોટા પેઢીનામાના આઘારે વાદીનુ નામ બાકાત કરેલ જેથી વાદી કાયદેસરના વારસદાર હોવાથી દાવાવાળી મિલ્કતમા હીસ્સો લેવા હાલનો દાવો કરેલ છે તેવુ જણાવેલ છે.

વાદી ધ્વારા દાવા–અરજીમા જણાવેલ છે કે, તેમણે સદરહું એન્ટ્રીની જાણ તા.૧ ૦–૦૩–૨૦૧૪ ના રોજ થયેલ છે અને પ્રતિવાદીઓ પાસે હીસ્સાની માંગણી કરતા તેઓએ વાદીનો હકક, હીત, હીસ્સો આપવાની સ્પષ્ટ ઈન્કાર કરતા હાલનો દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. વાદીએ વઘુમા દાવા–અરજીમા જણાવેલ છે કે, તેમણે સદરહું એન્ટ્રી અંગે તા.૨૦–૦૩–૨૦૧૪ થી અપીલ નાયબ કલેટકટરશ્રી ઝઘડીયા ખાતે કરેલ જે અપીલ રદ કરવામા આવેલ છે અને તેની સામે તેઓએ અપીલ ભરૂચ કલેકટર ખાતે કરેલ જે અપીલ પણ કલેટકટર ધ્વારા રદ કરવામા આવેલ છે અને તેની નકલોપણ આ કામે નિશાની ૩/૮ અને ૩/૯ થી રજુ કરવામા આવેલ તેમજ તેની સામે પણ અપીલ ગુજરાત રાજય અમદાવાદ મેહસુલ વિભાગ ખાતે દાખલ કરેલ છે જે હાલમા પેન્ડીંગ છે. તેમજ આ કામે નિશાની ૩/૧૨ કે જે દાવાવાળી જમીનનો નમુનો ૭/૧૨ અને ૮–અ છે જે ઘ્યાને લેતા પ્રતિવાદી નં.૧, ૨ ના નામો છે.

દાવા–અરજીની ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતા વાદીએ જે દાવાવાળી જમીનની જે એન્ટ્રી થયેલ છે ૧૯૯૯ મા તેની જાણ ૨૦૧૪ મા થતા હાલનો દાવો અને મનાઈ અરજી લાવેલ છે તેમજ તેની સામે રેવન્યુમા પણ અપીલ અને કલેટકરમા પણ ઓીપલ કરતા જે ના મંજુર કરવામા આવેલ છે જયારે પ્રતિવાદી નં.૧, ૨ તરફે મનાઈ અરજીના બચાવ કરતા જણાવેલ છે કે, વાદીએ તેમજ પ્રતિવાદી નં.૩, ૪ નાએ તેમનો હકક સ્વેચ્છાએ જતો કરેલો અને ત્યારબાદ તેની નોંધ રેવન્યુ રેકડમા પડેલ છે અને વાદીએ જમીનના ભાવો વઘતા હાલનો ખોટો દાવો કરેલ છે.

ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતા દાવા–વાળી જમીનનો રેવનયુ રેકડમા માલીક તરીકે પ્રતિવાદી નં.૧,૨ ના નામો ચાલે છે તેમજ આ કામે વાદીએ દાવા–અરજીમા હકીકતો જણાવેલ છે કે, પ્રતિવાદીએ બોગસ પેઢીનામાના આઘારે તેમનુ નામ બાકાત કરવામા આવેલ છે જેના સબંઘમા વાદી તરફે ૨૦૧૪ ના સદરહું હકીકતની જાણ થયા બાદ સદરહું બોગસ પેઢીનામાના આઘારે જાણ થયેલ હોય તો એન્ટ્રી રદ કરવા સિવાય બીજા કોઈ પગલા લીધેલ હોવા અંગે કોઈ હકીકત જણાવેલ નથી તેમજ આ કામે રેવન્યુમા ઝઘડીયા નાયબ કલેકટર અને ભરૂચ કલેકટર ઘ્વારા પણ વાદીની અપીલ નામંજુર કરેલ છે અને વાદી ઘ્વારા હાલનો દાવો ઘણા લાંબા સમય બાદ લાવેલ છે અને વાદીને ખરેખર ૨૦૧૪ મા જ સદરહું હકીકતની જાણ થયેલ કે કેમ તે હકીકત પુરાવાનો વિષય છે તે પુરાવો લીઘાબાદ જ નકકી થઈ શકે તેમજ વાદી ઘ્વારા બોગસ પેઢી નામાના આઘારે તેમનું નામ બાકાત રાખવામા આવેલ છે તેવી હકીકત પણ જણાવેલ છે જે પણ પુરાવાનો વિષય છે અને પુરાવો લીઘાબાદ જ નકકી થઈ શકે તેમજ વાદીનું હાલની દાવાવાળી મિલ્કતમા નામ નથી અને હાલમા પ્રતિવાદી નં.૧, ૨ નું નામ રેવન્યુ રેકડમા ચાલે છે જે હકીકત વાદીએ સ્વીકારેલ છે તેમજ જે રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી પાડવામા આવેલ છે અને પ્રમાણીત પણ થયેલ છે અને તેના ઘણા લાબા સમય બાદ વાદી ઘ્વરા તેના પર આઘાર રાખી હાલનો દાવો લાવેલ છે તેમજ આ કામે ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ જયચંદ શાહ મૈયત થયેલ છે અને નિલેશકુમાર ઈતેન્દ્રકુમારના નામે દાવાવાળી જમીનની એન્ટ્રી પડેલ અને ત્યારબાદ વારસદાર તરીકે પ્રતિવાદી નં.૧,૨ ના નામો દાખલ થયેલ છે અને નિલેશકુમાર તે ઈતેન્દ્રકુમાર પ્રફુલચંદ જયચંદ શાહના પુત્રનું પણ અવસાન તા.૨૩–૦૩–૨૦૦૧ ના રોજ થયેલ છે તેમજ વાદીના ફોઈ ભાનુબેન જયચંદ શાહનુ પણ અવસાન તા.૩૦–૦૯–૨૦૧૧ ના રોજ થયેલ છે. તેમજ વાદીએ હાલનો દાવો તા.૧ ૭–૦૨–૨૦૧૭ ના રોજ દાખલ કરેલ છે એટલે કે વાદીએ જે એન્ટ્રી પડેલ છે તેના ઘણા લાંબા સમય બાદ દાવો દાખલ કરેલ છે અને હાલના વાદીના દાવા–અરજીની હીકકતો ઘ્યાને લેતા તેમજ વાદીના દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતા મિલ્કતનો કબજો તેમની પાસે હોવાનું પણ પ્રથમ દર્શનીય રીતે ફલીત થતુ નથી કે વાદી રેકર્ડપર હાલની તારીખે માલીક હોવાનું પણ પ્રથમ દર્શનીય રીતે ફલીત થતુ નથી તેમજ વાદીની

દાવા–અરજીની હકીકતો ધ્યાને લેતા વાદીને ૨૦૧૪ મા જાણ થયેલ તે પુરાવાનો વિષય છે તે પુરાવો લીધાબાદ જ નકકી થઈ શકે તેમજ બોગસ પેઢીનામાના આધારે વાદીનુ નામ બાકાત કરવામા આવેલ છે તે પણ પુરાવાનો વિષય હોય પુરાવો લીધાબાદ જ નકકી થઈ શકે તેમજ કાયદાની પ્રસ્થાપીત જોગવાઈઓ ધ્યાને લેતા વાદી ધ્વારા લાંબા સમય બાદ અને મુળ ઈતેન્દ્રકુમાર ઉર્ફે પ્રફુલચંદ જયચંદ શાહ તથા નિલેશકુમાર ઈતેન્દ્રકુમાર તથા ભાનુબેન જયચંદ શાહના અવસાન બાદ હાલની અરજી કરેલ છે અને સદરહું કામે વાદીના ફોઈ હયાત હતા તયારે એટલે કે વાદીના ફોઈ ૨૦૧૧ મા અવસાન પામેલ તે પહેલા તેઓએ આ હાલની ૧૯૯૯ ની એન્ટ્રી ને ચેલેન્જ કરેલ નથી કે કોઈ કાર્યવાહી કરવામા આવેલ નથી તેમજ આ કામે જે એન્ટ્રી પડી તેની સામે પ્રતિવાદી નં.૩, ૪ નાએ પણ કોઈ કાયવાહી કરી નથી કે એન્ટ્રી ચેલેન્જ કરેલ નથી જેથી તમામ હકીકતો ધ્યાને લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું રેકર્ડપરથી જણાય આવતુ નથી.

આ કામે ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું ફલીત થતુ ન હોય તેમજ દાવા–અરજીની ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા અગવડતા –સગવડતાની સમતુલા વાદીની તરફેણ મા જણાય આવતી નથી કારણ કે વાદી પાસે પ્ર થમ તો કોઈ મિલ્કતનો કબજો નથી તેમજ રેવન્યુ રેકર્ડમા કોઈ નામપણ નથી તેમજ વાદીની દાવા–અરજીની હકીકતો પર આધાર રાખેલ છે તે પુરાવાનો વિષય છે જેથી આ કામે વધુ પડતી અગવડતા વાદીને પડે તેવુ જણાય આવતુ નથી. વધુમા આ કામે જો મનાઈ હુકમ ન આપવામા આવેતો વાદીને નાણામા ન આંકી શકાય તેવુ નુકશાન જાય તેવુ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા જણાય આવતુ નથી કારણ કે વાદી પાસે કોઈ કબજો હોય અને વાદી મિલ્કત ધારણ કરતા હોય તેવુ રેકર્ડપર પણ જણાય આવતુ નથી તેમજ આકામે રેવન્યુ ઓથોરીટી સમક્ષ પણ વાદી નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડપર આવેલ છે તેમજ જો મનાઈ હુકમ આપવામા આવેતો વાદીને નહી પરંતુ નાણામા ન આંકી શકાય તેવુ નુકશાન પ્રતિવાદી તરફે જાય તેમ છે.

આમ ઉપરોકત તમામ હકીકતો પરથી એ ફલીત થાય છે કે વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ અગવડતા સગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમા હોવાનું કહી શકાય નહી તેમજ જો મનાઈહુકમ આપવામા ન આવે તો વાદીને નાણા ન આંકી શકાય

તેમ હોવાનું કહી શકાય નહી જેથી મુદ્દા નંબર ૧ થીઉ નો જવાબ નકારમા આપુ છુ તેમજ ન્યાયના વિશાળ હિતમા મુદ્દા નં.૪ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

– :: **હુકમ** :: –

(૧) વાદીની આંક–પ ની મનાઈ હુકમની અરજી આથી ના મંજુર કરવામા આવે છે

(૨) ખર્ચ અંગે પક્ષકારોએ દાવાના આખરી હુકમને અનુસરવું.

આ હુકમ તા.૧૨ મી માહે–ડીસેમ્બર સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ઝઘડીયા
તારીખ : ૧૨–૧૨–૨૦૧૮

(મહમદરાહિલ હમીદભાઈ પઢિયાર)
એડીશ્નલ સિવીલ જજ ઝઘડીયા
GJ01145